ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:બમશ/૧૧૦૫-સીસી-૩૦૯(૨)ગ.૧
સચિવાલય,ગાંધીનગર.
તા.૯/૧/૦૬.

**પરિપત્ર:**

ગુજરાત વડી અદાલતમાં એસીએ નં.૫૪૧૨/૦૫,નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, પાટણ વિરુધ્ધ કમિશ્નરશ્રી,મા.અને ઉ.મા.શાળાઓ તથા અન્ય તથા આ કેસોને આનુસાંગિક કેસો અંગે નામ.વડી અદાલત તરફથી વિવિધ તબક્કે વચગાળાના હુકમો કરવામાં આવેલા છે,આ વચગાળાના હુકમો બાબત સરકારની વિચારણા હેઠળ હતી.રાજ્યમાં ચાલતી ટ્યુશન પ્રથા અટકાવવા રાજ્ય સરકાર તરફથી ગુજરાતમાધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ના વિવિધ નિયમોમાં જોગવાઈ કરવામાં આવેલ છે.પરંતુ ટ્યુશન પ્રથા અટકાવવા પુર્ણ પરિણામો મેળવી શકયાં નથી.આથી નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

૧- ગુજરાતમાધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪તથા ગુજરાતમાધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ ટ્યુશન કરતા કર્મચારીઓ સામે જે કાયદકીય જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવાની છે તેવી કાર્યવાહી સખત રીતે થાય તે મુજબ જિલ્લા-શિક્ષણાધિકારીની કચેરીઓ તરફથી સઘન કાર્યવાહી કરવાની રહે છે.

૨. શાળા મંડળ પાસેથી લેખીતમાં નોટરી કરેલ સોગંદનામું મેળવવાનું રહેશે.જેમાં શાળા મંડળ તરફથી એવી સ્પષ્ટતા કરવાની રહેશે કે પોતાની શાળાના મકાનકે શૈક્ષણિક પ્રવૃત્તિ ચલાવતા મકાનને આવા આર્થિક ઉપાર્જન ટ્યુશનના હેતુ માટે વાપરવા દેશે નહી. આવું સોગંદનામું આપ્યા પછી જો મંડળ તરફથી આર્થિક ઉપાર્જન સાથે ટ્યુશન કરવા માટે મકાનનો ઉપયોગ કરવા દેવામાં આવશે તો તેવા મંડળ સામે અધિનિયમ, વિનિયમો તેમજ ગ્રાન્ટ ઈન એઈડ કોડ અનુસંધાને જરુરી કાર્યવાહી કરવાની રહેશે.

૩. ટ્યુશન અંગેના સમાચાર દૈનિક પત્રોમાં પ્રસિધ્ધ થતા હોય છે.પરંતુ તેની વાસ્તવિકતા અંગે ખુલાસો કે રદિયો અપાતો નથી.આ સંજોગોમાં જ્યારે કોઈ ચોક્કસ શાળા કે ચોક્કસ શિક્ષકોના નામ સાથે દૈનિક-પત્રોમાં સમાચારો પ્રસિધ્ધ થાય ત્યારે જે તે શાળા મંડળે આ અંગે તાત્કાલીક તપાસ કરી વાસ્તવિકતા શુ છે તેની જાણ સબંધીત દૈનિક પત્રને તથા જિલ્લા શિક્ષણાધિકારીને કરવી.ઉપરાંત જો દૈનિક પત્રમાં આવેલ સમાચારો સત્ય હોય તો આવા શિક્ષક સામે વિનિયમોમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ શિક્ષાની કાર્યવાહી કરવી.

૪. શૈક્ષણિક/બિન શૈક્ષણિક મહેકમની નિમંણુંક કરવામાં આવે ત્યારે નિમણુંકના હુકમમાં જ આર્થિક ઉપાર્જન સાથે ટ્યુશન કરી શકાશે નહી તેવી શરતચુક રાખવાની રહેશે અને આવી શરતનો ભંગ થતાં આપોઆપ નોકરી સમાપ્ત ગણવાની રહેશે.

સોગંદનામાનો જરુરી મુસદ્દો કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર તરફથી તૈયાર કરવાનો રહેશે તેમજ ઉપરોક્ત સુચનાઓ નું પાલન સખત રીતે થાય તેવી સુચના સર્વે જિલ્લા શિક્ષણાધિકારીઓને આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાનામે,

સહી/-
(એસ.એમ.ગામીત)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

ક્રમાંક:બમશ/મ.૨-ટયુશન-૦૬/૧૦૨ પર
કમિશ્નરશ્રી, મ.ભો.યો.અને શાળાઓની કચેરી
બ્લોક નં.૯.ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તા.૧૦ ૧/૨૦૦૬.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
(તમામ)

પરિપત્રમાં જણાવેલ સુચનાઓનું પાલન સખત રીતે કરવા સારુ.

સહી/-ટીએવારચચ
નાયબ શિક્ષણ નિયામક(મા.શિ.)
ગુ.રા.ગાંધીનગર.

ક્રમાંક: જિશિક/મ.ભો.યો/૬/૯૯૫૬-૭૫૦૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
ઢેબરભાઈ રોડ, રાજકોટ.
તા. ૨૦ ૩ ૨૦૦૬.

પ્રતિ, આચાર્યશ્રી,
રાજકોટ જીલ્લાની તમામ સરકારીશાળાઓ, તથા બિનસરકારી —
માધ્યમિક/ઉ.મા.ગ્રાંટેડ/નોન ગ્રાંટેડ શાળાઓ.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ વળતી ટપાલે સોગંદનામાઓ રજુ કરવા અંગે.

નકલ જાણ અર્થે:-
૧) આ કચેરીના તમામ નિરીક્ષકશ્રીઓ.
૨) આ કચેરીના તમામ મં.શિ.નં.કોઓ.
૩) આ કચેરીના તમામ કર્મચારીઓ.

(signature)
જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.

/પીએસજે/

# સોગંદનામું

.........આથી અમો શ્રી..............................................કેળવણી મંડળના અધિકૃત પ્રમુખ/મંત્રી છીએ અને અમારું આ કેળવણી મંડળ................ ...................શૈક્ષણિક સંસ્થાનું સંચાલન....................થી કરે છે.

હાલમાં આ સંસ્થામાં ધોરણ.........થી..........નું શૈક્ષણિક કાર્ય ચાલેછે.

અમારી આ સંસ્થા નોન ગ્રાન્ટેડ સંસ્થા છે, જેને સરકારશ્રી તરફથી કોઇ ગ્રાન્ટ મળતી નથી. સરકારશ્રી ધ્વારા માન્યતા પ્રાપ્ત આ સંસ્થામાં જે કર્મચારીઓ કામ કરે છે, તેઓ શાળા સમય દરમ્યાન કે શાળા સમય બાદ વેતન લઈને કે વેતન લીધા વગર કોઇ પણ પ્રકારનું ખાનગી ટ્યુશન કે ખાનગી વર્ગોમાં શૈક્ષણિક કાર્ય કરતા નથી કે તેની સાથે સંકળાયેલા નથી. તેની હું ખાતરી આપું છું. આ સંસ્થામાં કામ કરનાર તમામ કર્મચારીઓ પાસેથી અમોએ તેઓ વેતન લઈને કે વેતન લીધા સિવાય કોઇ પણ ખાનગી ટ્યુશન કરતા નથી કે ખાનગી વર્ગો સાથે સકળાયેલા નથી. તે બાબતનું એફીડેવીટ લીધેલ છે અને શાળાના રેકર્ડમાં રાખેલ છે.

આ સંસ્થામાં કામ કરનાર કોઇ પણ કર્મચારી ભવિષ્યમાં ખાનગી ટ્યુશન કરતા કે ખાનગી વર્ગો સાથે સંકળાયેલા હોવાનું સાબિત થશે અને દોષિત જણાશે તો તેવા કર્મચારીની સામે શાળા મંડળે કરવાની થતી શિક્ષાત્મક કાર્યવાહી અવશ્ય કરવામાં આવશે તેની બાહેધરી આપવામાં આવે છે.

ખોટું સોગંદનામું કરવું તે ફોજદારી ગુનો બને છે તેની અમોને જાણ છે.

# સોગંદનામું

આથી અમો ..................................પ્રમુખ/મંત્રીશ્રી,

ઉંમર:...........વતન.................................કેળવણી મંડળ -

.....................................તાલુકો...............જિલ્લો...........

અમારા ધર્મના સોગંદ ખાઇને નીચે મુજબ એફીડેવીટ ઉપર અમારી શુધ્ધ બુધ્ધિથી, સંપુર્ણ સભાન અવસ્થામાં અને કોઇ પણ જાતના દબાણમાં આવ્યા સિવાય નીચે મુજબ સોગંદનામું રજુ કરું છું.

ચેરીટી કમિશ્નરશ્રી..............................ધ્વારા માન્યતા પ્રાપ્ત અમારા..................................કેળવણી મંડળના અમો - અધિકૃત પ્રમુખ/મંત્રી છીએ. સરકારશ્રીની ગ્રાન્ટ ઇન એઇડ નીતિ મુજબ અમો અમારી - ....................................શૈક્ષણિક સંસ્થાનું સંચાલન કરીએ છીએ. અમારી આ શૈક્ષણિક સંસ્થામાં જે કર્મચારીઓ કામ કરે છે તે કર્મચારીઓ વેતન લઇને કે વેતન લીધા સિવાય કોઇ પણ સ્થળે ખાનગી ટ્યુશન કરે કે કોચીંગ કલાસીસમાં - શૈક્ષણિક કાર્ય કરે તે સરકારશ્રીના વખતોવખતના નિયમો/ઠરાવો/પરિપત્રો મુજબ તે ગેરકાયદેસર પ્રવૃતિ ગણાય છે તેની અમોને જાણ છે અને આવી ગેરકાયદેસર પ્રવૃતિ - કરનાર શૈક્ષણિક સંસ્થાના કર્મચારી સામે શાળા મંડળ જે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની થાય છે તેની પણ અમોને જાણ છે.

હાલમાં અમારી ઉપરોક્ત શૈક્ષણિક સંસ્થામાં કોઇ પણ કર્મચારી વેતન લઇને કે વેતન લીધા સિવાય ખાનગી ટ્યુશન કરતા નથી કે કોઇ પણ કોચીંગ વર્ગોમાં - શૈક્ષણિક કાર્ય કરતા નથી. ભવિષ્યમાં પણ આ શૈક્ષણિક સંસ્થાના કોઇ પણ કર્મચારી વેતન લઇને કે વેતન લીધા સિવાય ખાનગી ટ્યુશન કરશે નહી તેની અમો બાહેંધરી આપીએ છીએ અને તેમ છતાં ભવિષ્યમાં આ સંસ્થાના કોઇ પણ કર્મચારી વેતન લઇને કે વેતન લીધા સિવાય ખાનગી ટ્યુશન કરતા કે ખાનગી વર્ગોમાં શૈક્ષણિક કાર્ય કરતાં જણાશે કે તે અંગેની કોઇ પણ માહિતી મળશે તો જવાબદાર કર્મચારી સામે સરકારશ્રીનાં વખતોવખતના નિયમો મુજબ તેમની સામે શાળા મંડળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરશે તેની અમો બાહેંધરી આપીએ છીએ.

અમો જાણીએ છીએ કે ખોટું સોગંદનામું કરવું તે ફોજદારી ગુનો બને છે.